## જન્મદિને વધામણી


ગૌતમ પુરોહિત
સિનિયર પત્રકાર
મો. ૯૯૦૯૯ ૧૦૭૧૮


અતુલ કે શાહ
નિવૃત્ત મુખ્ય ઈજનેર
પાણી પૂરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
મો. ૯૮૨૫૬ ૮૬૦૫૯


જય રજનીકાંત પટેલ
મો. ૯૯૦૪૦ ૧૦૯૨૯


રિધમ પિન્કલ શાહ
મો. ૯૪૨૯૩ ૮૮૫૭૮


હરિઓમ અશ્વિનભાઈ પટેલ
મો. ૭૫૭૨૯ ૬૧૭૬૭


દેવાન્શુ જયેશકુમાર પરમાર

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# જેઈઈના સ્થાને ગુજકેટની પરીક્ષાથી વિદ્યાર્થીઓ પર બે પરીક્ષાનું ભારણ

ગાંધીનગર, તા. ૨૪

શિક્ષણ વિભાગ દ્વારા જેઈઈ મેઈનની પરીક્ષા રદ કરી તેના સ્થાને ગુજકેટની પરીક્ષા દાખલ કરવાનો નિર્ણય લેવાયો છે. જેના મિશ્ર પ્રત્યાઘાત મળી રહ્યા છે. એક બાજુ વિદ્યાર્થીઓ પર વધારાની પરીક્ષાનો બોજો આવશે. જ્યારે જે વિદ્યાર્થીઓ ગુજરાત બહાર જવા જ માંગતા નથી તેમને બે બોર્ડના બદલે એક જ બોર્ડનો અભ્યાસ કરવો પડશે. હાલમાં માત્ર જેઈઈની પરીક્ષા આપી વિદ્યાર્થી ગુજરાતની કોલેજ તથા ઓલ ઈન્ડિયા ક્વોટા પર પ્રવેશ મેળવી શકતો હતો. પરંતુ હવે વિદ્યાર્થીઓને ઓલ ઈન્ડિયા ક્વોટાની બેઠકો માટે જેઈઈ અને એડમિશન કમિટી સંલગ્ન કોલેજોમાં પ્રવેશ માટે ગુજકેટની પરીક્ષા આપવી પડશે. આટલું જ નહીં, જો વિદ્યાર્થીને આઈઆઈટીમાં પ્રવેશ મેળવવો હોય તો ગુજકેટ, જેઈઈ મેઈન અને જેઈઈ એડવાન્સ એમ ત્રણ પરીક્ષામાંથી પસાર થવું પડશે.

આમ ગુજકેટ ફરજિયાત કરવાના નિર્ણયથી વિદ્યાર્થીઓ પર વધારાની પરીક્ષાનો બોજો આવશે. અલબત્ત, જે વિદ્યાર્થીઓ માત્ર ગુજરાતની જ કોલેજમાં પ્રવેશ લેવા માંગે છે અને ઓલ ઈન્ડિયા ક્વોટામાં જવા નથી માંગતા તેવા વિદ્યાર્થીઓને આ નિર્ણયથી રાહત થશે. તેઓ માત્ર ગુજરાત બોર્ડનો અભ્યાસ કરી ધોરણ-૧૨ અને ગુજકેટ એમ બંને પરીક્ષા આપી શકશે. અત્યાર સુધી તેમને ધોરણ-૧૨ માટે ગુજરાત બોર્ડની અને જેઈઈ મેઈન માટે સેન્ટ્રલ બોર્ડનો અભ્યાસ કરવો પડતો હતો.




ગાંધીનગર, તા. ૨૪

સર્વ વિર્ધાલય કડી સંચાલીત ગાંધીનગર સ્થિત શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા શાળા સે-૨૩ ગાંધીનગર ખાતે ગુરુવારે રાષ્ટ્રીય સેવા યોજના દિવસની ઉજવણી એનએસએસ સ્વયં સેવિકાઓ દ્વારા ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી.

આ ઉજવણી અંતર્ગત માત્ર પ્રાર્થનાના સમય દરમિયાન ૭.૨૦ થી ૭-૪૦ સુધીમાં ચાર માળની શાળા સંપૂર્ણ સ્વચ્છ કરવમાં આવી હતી. આચાર્ય સુધાબેન પટેલ, સુપરવાઈર્સ, શિક્ષકમિત્રો, કલાર્ક અને સેવકભાઈઓએ આ કાર્યમાં સાથ સહકાર આપ્યો હતો.

સમ્રગ કાર્યક્રમ પ્રોગ્રામ ઓફીસર રમેશભાઈ જી. પટેલે સાદરા મુકામે ગુજરાત વિદ્યાપીઠમાં તાલીમ લીધા સફળતાપૂર્વક યોજ્યો હતો.

# રાજ્યકક્ષાના ખેલ મહાકુંભમાં ગાંધીનગરના ખેલાડીઓ ઝળક્યા



## ટેબલ ટેનિસ સ્પર્ધામાં હરેશ રાઠોડ અને બિરેન સોનીએ સતત બીજા વર્ષે પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી શહેરને ગૌરવ અપાવ્યું

પોરબંદર ખાતે આયોજિત રાજ્યકક્ષાના ખેલ મહાકુંભમાં ટેબલ ટેનિસની સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા બની ગાંધીનગરના ખેલાડીઓએ શહેરનું નામ પુનઃ રોશન કર્યું છે. ટેબલ ટેનિસ મેન્સ ડબલ્સ સ્પર્ધાના એબવ ૪૦ વિભાગમાં હરેશ રાઠોડ અને બિરેન સોનીએ સતત બીજા વર્ષે પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી શહેરને આ ગૌરવ અપાવ્યું છે. શહેરના ખેલપ્રેમીઓ તરફથી બંને વિજેતાઓને અભિનંદનો પ્રાપ્ત થઈ રહ્યા છે.

# બ્યૂટી કંપની ઓરેને મહેસાણા ખાતે વિશ્વસ્તરીય ઈન્સ્ટીટ્યૂટનો પ્રારંભ કર્યો

ગાંધીનગર, તા. ૨૪

તીવ્ર ગતિથી આગળ વધી રહેલી બ્યૂટી કંપની ઓરેન ઈન્સ્ટીટ્યૂટ ઓફ બ્યૂટી તથા વેલનેસે આજે મહેસાણા ખાતે વિશ્વસ્તરીય ઈન્સ્ટીટ્યૂટની શરૂઆત કરી. દેશભરમાં ૭૨ થી વધારે ઈન્સ્ટીટ્યૂટ ચલાવી રહેલ ઓરેનનો ગુજરાતમાં આ ૮મી ઈન્સ્ટીટ્યૂટ છે.

દેશ તથા વિદેશમાં પ્રખ્યાત બ્યૂટી નિષ્ણાતોની ખુબજ માંગ છે. હેર, બ્યૂટી, મેકઅપ તથા નેલઆર્ટ વગેરેનાં કોર્સ કરીને વિદ્યાર્થી દેશ તથા વિદેશમાં નામ કમાવી રહ્યા છે. ઓરેનનાં વિદ્યાર્થી ૧૦,૦૦૦ થી ૧ લાખ રૂપિયા સુધી દર મહિને કમાઈ રહ્યાં છે. ઓરેન યૂ.કે ની સૌથી મોટી બ્યૂટી સંસ્થા સિબટેકથી માન્યતા પ્રાપ્ત છે. દુનિયા ભરમાં પ્રસિદ્ધ સિબટેક ૨૬ દેશોમાં પાછલા ૩૦ વર્ષોથી પોતાની પ્રમુખ સેવાઓમાં જાણીતી છે. ભારત સરકાર તરફથી ઓરેનને વોકેશનલ ટ્રેનિંગ પ્રોવાઈડર માટે માન્ય કરવામાં આવ્યાં છે. ઓરેનનો લક્ષ્યાંક ૨૦૨૦ સુધી ૨ લાખ વિદ્યાર્થીઓને આત્મનિર્ભર બનાવવાનો છે.

ઓરેનના રીજનલ ડાયરેક્ટર મુકેશ સોઈન તથા કું મોનીકા સોઈન જણાવ્યું કે, અમારો પુરેપુરો પ્રયત્ન રહેશે કે અમે મહેસાણાનાં લોકોને વિશ્વસ્તરીય બ્યૂટી શિક્ષા આપી શકીયે જેથી તે દેશ તથા વિદેશમાં પોતાનું નામ રોશન કરી શકે. ઓરેન એક એવું મંચ છે જ્યાં તમે તમારું કેરિયરની સારી શરુઆત કરી શકો છો અને જો તમે આર્થિક રીતે સ્વતંત્ર છો તો તમે ખુબ જ આગળ વધી શકો છો. તેમણે ઓરેનનાં ૨૦૨૦ સુધી ૨ લાખ મહિલાઓને આત્મનિર્ભર બનાવવાનો ઉદ્દેશ્યની ભરપૂર પ્રશંસા કરી. ઓરેનનાં રીજનલ સર્વીસ પ્રોવાઈડર નિરદોશ ભસીનએ જણાવ્યું કે, ઓરેનથી બ્યૂટી શિક્ષાની ટ્રેનિંગ લઈને વિદ્યાર્થી કેનેડા, ઓસ્ટ્રેલિયા, ઈંગલેન્ડ, વગેરે દેશોમાં પોતાનું ભવિષ્ય બનાવી રહ્યા છે. ઘણાં વિદ્યાર્થીઓ બીજા દેશોમાંથી ભારતમાં ઓરેનનો કોર્સ કરવા માટે આવે છે કારણ કે તેમને અહીંયા તેમને વિશ્વસ્તરીય શિક્ષા મળે છે તથા ઓરેનની કોર્સ ફી બહારના દેશો કરતા ખુબજ ઓછી છે. તેમણે જણાવ્યું કે અમારો ઉદ્દેશ્ય છે કે અમારા દ્વારા વિદ્યાર્થીઓને એક સારી શિક્ષા પ્રદાન કરવામાં આવે જે મેળવીને તે ભારત તથા બીજા અન્ય દેશોમાં કોઈ પણ જગ્યાએ પોતાનું ભવિષ્ય બનાવી શકે.

## ડાયરેક્ટ ❤ સે

જે દેશમાં લોકોને
ટીવીની જાહેરખબર દ્વારા
સમજાવવું પડે
કે શૌચ માટે ક્યાં જવું....
એ લોકોને
નોટબંધીથી થતા ફાયદા
કેવી રીતે સમજાવી શકાય !!!

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ડિયર જિંદગી
૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ડિયર જિંદગી
૧.૪૫, ૪.૩૦, ૯.૩૦
ફેન્ટાસ્ટિક બિસ્ટ્સ (અંગ્રેજી, ૩ડી)
૭.૧૫

**સ્ક્રીન-૫**
ડિયર જિંદગી
સવારે ૧૦.૦૦
ફોર્સ-૨
૩.૪૫, ૯.૪૫
સાનસેઈન : ધ લાસ્ટ બ્રિથ
૧૨.૪૫, ૬.૪૫

## ઓમ લેન્ડમાર્ક સ્કૂલ ખાતે બાળ પ્રતિભાશોધ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૪

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને ઓમ લેન્ડમાર્ક સ્કૂલ, મોટા ચિલોડાના સહયોગથી સોમવારે ઓમ લેન્ડમાર્ક સ્કૂલ ખાતે બાળ પ્રતિભાશોધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

૭થી ૧૩ વર્ષની આયુના વિભાગમાં ગાંધીનગર જિલ્લાની શાળાઓના વિદ્યાર્થીઓએ આ ઉપક્રમ અંતર્ગત નિબંધ, વક્તૃત્વ, સર્જનાત્મક કૃતિ, ચિત્ર, એકપાત્રીય અભિનય, લોકગીત, ભજન, લગ્નગીત, દુહા, છંદ, ચોપાઈ, લોકવાદ્ય સંગીત, સમૂહગીત સ્પર્ધામાં ભાગ લીધો હતો.

શાળા પરિવાર વતી સ્પર્ધાઓમાં ભાગ લેનારા તથા વિજેતા બાળકોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા પુનઃ એકવાર સુવર્ણપ્રાશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતના સરહદી-વનવાસી વિસ્તારની ૧૩ નિશાળોને આ ઉપક્રમ હેઠળ આવરી લેવામાં આવી હતી. અણસોલ, જાભચિતરીયા, ઈશ્વરપુર, લક્ષ્મીપુરા, રંગપુર વગેરે નિશાળનાં ૧૧૩૮ બાળકોને સુવર્ણપ્રાશનનો લાભ આપવામાં આવ્યો હતો. પુષ્યનક્ષત્ર નિમિત્તે મધ્યાહ્ન ભોજન પહેલાં આ લાભ વિદ્યાર્થીઓને આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત ઓઢાપહાડીયા તથા ભવાનપુરમાં બાળકોને નાસ્તો અને ઈશ્વરપુરામાં ૧૧૦ વિદ્યાર્થીઓનો બેલપેન, ત્રણ નિશાળોમાં બિસ્કીટનાં પૅકેટ્સનું વિતરણ પણ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું. સંસ્થા તરફથી આ સેવાકાર્યમાં નવનીતભાઈ, મોન્ટુ, કમલેશભાઈ, મિલિન્દભાઈ જોડાયા હતા. ઉલ્લેખનીય છે કે બાળકોના હિતમાં સંસ્થા દ્વારા સળંગ પાંચ મહિના સુધી આ અભિયાન ચાલુ રાખવાનું આયોજન કરવામાં આવ્યું છે.

# સંતાનોનાં ઉજ્જવળ ભાવિ માટે કઈ ભાષાને પસંદ કરવી ?




જીવનમાં વિવિધતા અને વિશાળતા છે અને પ્રત્યેક દિવસ કંઈક નવું ભાથું અર્થાત સંદેશ, ઉપદેશ, શીખ કે અનુભવ આપી જાય છે. મહત્ત્વની વાત એ પણ છે કે આ વિતેલો દિવસ જીવનમાં ફરીથી કદી પણ આવતો નથી ! સમય પોતાનું કાર્ય કરવા કટિબદ્ધ છે. સમય મળે તો માણસ જોવા કે પરખવાની પણ કાળજી લેતો નથી. જે ક્ષણ વિતી તે ભૂતકાળમાં સરી જાય. આપણે આવતી ક્ષણ કે કાલ માટે અવશ્ય વિચારી શકીએ કે આયોજન કરી શકીએ છીએ. કુદરતનાં બીજાં તત્ત્વો પાસે પોતાનું અસ્તિત્વ છે પરંતુ ખુદનું આયોજન નથી. નદીનાં નીર સતત વહેતાં રહે છે કે પુષ્પ ઊગીને ડાળ ઉપર ઝુલતું રહે છે ! પહાડી વિસ્તારોના પર્યટક ક્ષેત્રમાં લોકો ફરવા જાય છે માટે ગમી જાય છે પરંતુ ત્યાં રહેવાનું હોય તો ? દૂરથી બધા ડુંગર રળિયામણા લાગે, બાકી વસો તો એ હોય બિહામણા !

ભાવિની ચિંતા કરનાર આપણા સમાજ પાસે એક પ્રશ્ન હજી પણ મૂંઝવણ ઊભી કરી રહ્યો છે કે કઈ ભાષાના માધ્યમવાળી સ્કૂલમાં પોતાનાં સંતાનોને મૂકવાં ? રાજ્યનાં બધાં જ સ્થળોએ સરકારી અને ખાનગી સ્કૂલો ઉપલબ્ધ છે પરંતુ આ બધામાં વાલી તરીકે શું વિચારીને નિર્ણય લેવો ? વર્ષોથી આ સવાલ દ્વિધા ઊભી કરતો રહ્યો છે. આ પ્રમાણે થવાનું કારણ એ છે કે કયા માધ્યમમાં અભ્યાસ કરાવવાથી સંતાનનું ભાવિ ઉમદા થઈ શકશે ? આ ચિંતન પ્રત્યેક પરિવારનું હોય અને ઉકેલ કે તેની પસંદગી પણ પરિવારની જ હોય છે. ગુજરાતની જ વાત કરીએ તો અહીં શિક્ષણ સંસ્થાઓ ધંધાદારી રીતે શરૂ થાય છે અને ચાલે છે બીજું. ચલાવનારા આમ નાગરિકો પૈકીના કોઈ હોતા નથી. ત્રીજું, કોઈ જ સમાન રૂપરેખા કે નીતિ નિયમો પ્રવર્તમાન નથી. ચોથું, મા-બાપ દૃઢતાથી એવી જ માનસિકતામાં જીવે છે કે છોકરી કે છોકરાને સારી ઈંગ્લિશ માધ્યમની સ્કૂલમાં જ દાખલ કરવો છે. જાણે એનાથી જ બધું ઉપલબ્ધ થઈ જાય છે !! પાંચમું, બહારના વિશ્વમાં જે ઈંગ્લિશ ભાષાનો જબ્બર પ્રભાવ વ્યાપક રીતે રોજિંદા જીવનમાં જોવા મળે છે તે ધ્યાનમાં લેવાનું વલણ વ્યાપક છે. મા-બાપ એ નથી જોતા કે હાલના જે ખ્યાતનામ ડૉક્ટર, ઈજનેરી લાઈનના લોકો, પ્રૉફેસર્સ, ઔદ્યોગિક ગૃહોના માલિકો વાસ્તવમાં ક્યાં ભણ્યા અને કેવી સ્કૂલ્સમાંથી ભણીને આગળ આવ્યા ?



એક માનસિકતા એવી ઊભી થઈ છે કે ઊંચી ફી લેનારી બધી નહીં બને તેનું શું ? જે ભાષાનો પ્રયોગ ઘરમાં થતો હોય તે ભાષાના માધ્યમમાં બાળકને ભણાવવાથી વિકાસ ઉમદા પ્રકારે થાય છે. નોંધપાત્ર એ પણ છે કે સમગ્ર દેશમાં કોઈ કોમન નીતિ નથી. બીજા શબ્દોમાં કહીએ તો દેશની લોકશાહીમાં આ બાબતે કોઈ દબાણ ઊભું થઈ શકે નહીં !! ઉચ્ચતર અને મહાવિદ્યાલયમાં પણ ભાષાને ધ્યાનમાં રાખી નક્કર નીતિ લાદી શકાય તેમ નથી. ઊંચી ફી લેનારી સંસ્થાઓનાં ભવ્ય મકાનો, વિશાળ જમીન, યુનિફોર્મ, વાહનો ઉપરાંત વિજ્ઞાપનો.... એક ચકાચૌંધ કરનારું ધંધાકીય એકમ.... આવી સંસ્થાઓને વિદ્યાર્થીઓ મળી જ રહે છે. સરકારી સ્કૂલ્સ વિશે લોકોનાં મનમાં શું વિચારો હોય છે તે સમાજ સારી રીતે જાણે છે. સ્કૂલ્સમાં અભ્યાસ વિનાની અન્ય પ્રવૃત્તિઓ જ વિશેષ થાય છે એ કેટલા અંશે વ્યાજબી છે ? ઘણાં શિક્ષકો અન્ય કામો જે આપવામાં આવે છે તેનાથી ખૂબ જ નારાજ છે. ભાષાના કારણે સમજણનું જે ક્ષેત્ર છે તે શરૂથી વિકસીત થવામાં હરકોઈ બાળકને માતૃભાષા વિનો બીજો કોઈ શ્રેષ્ઠ વિકલ્પ નથી. તેણે વ્યાકરણ વગેરે શીખવું પડે. આગળ જતાં અંગ્રેજી ભાષામાં મજબૂત સહારો આપીને સક્ષમ બનાવી શકાય છે. ભાષાની જે પસંદગી કરવાની છે તે વ્યક્તિત્વ, અંગત વિકાસ અને માનસિકતા ઘટાડવામાં કેટલી ઉપયોગી થશે તે ધ્યાનમાં રાખીને આગળ જવું જોઈએ. સંતાનોની ઋચિને અમુક ઉંમર પછી બેધ્યાન કરવાથી શિક્ષણનો હેતુ જ બર આવતો નથી. બધા જ વિદ્યાર્થીઓ કંઈ ડોક્ટર કે ઈજનેર ના બની શકે, તેમાં વાલીવર્ગે વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવો જ પડે. માતૃભાષામાં શિક્ષણ શરૂ થાય તે ઉમદા માર્ગ છે. તે પછી સહારો આપી ઉત્તમ અંગ્રેજી ભાષા શીખે જેથી સ્પર્ધાત્મક કસોટીઓમાં તે શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કરી શકે એ યોગ્ય નિયમ દેખાય છે.

શિક્ષણ અને ભાષાને જોવાની દૃષ્ટિ પણ જરા બદલવી પડશે.

જિંદગીને કેમ જીવવી જોઈએ ?
એ પરીક્ષામાં તો પૂછાતું નથી !!
(નિનાદ અધ્યારુ)

# નેશનલ ઈન્ટર ડિસ્ટ્રીક્ટ એથ્લેટિક્સ સ્પર્ધામાં ગાંધીનગરની બે વિદ્યાર્થીનીઓ


યાત્રી


ભાગ્યશ્રી

ગાંધીનગર, તા. ૨૪

૧૪મી નેશનલ ઈન્ટર ડિસ્ટ્રીક્ટ જુનિયર એથ્લેટિક્સ સ્પર્ધા વિશાખાપટ્ટનમ ખાતે શુક્રવારથી યોજાઈ રહી છે, જેમાં શ્રીમતી આરજી પટેલ માધ્યમિક અને એસ બી પટેલ ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળામાં ધોરણ ૯સીમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની યાત્રી એચ પટેલ ઊંચી કૂદની સ્પર્ધા માટે અને ધોરણ-૯એમાં અભ્યાસ કરતી ભાગ્યશ્રી એસ ચંપાવત લાંબી કૂદની સ્પર્ધા માટે પસંદગી પામી છે.

બંને વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભની જિલ્લાકક્ષાની એથ્લેટીક્સ સ્પર્ધામાં પ્રથમ સ્થાનનું વિજેતાપદ મેળવી ૧૦ હજાર રૂપિયાનું રોકડ ઈનામ પ્રાપ્ત કર્યું છે.

## વાચકોને આમંત્રણ

**‘સંવેદના’ વિભાગમાં સ્વાનુભવો લખવા**

વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**‘મારું મધુરું બાળપણ’**